ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
કોલેજ વહીવટ શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર, ગુજરાત રાજ્ય

તા. /૦૬/૨૦૨૬

જા.ક્ર. :- કવટ /ISC-3/પુ. મ./૨૦૨૬/૬૩૭/

પ્રતિ,
આચાર્યશ્રી,
કે કે શાહ જરોદવાલા મણીનગર સાયન્સ કોલેજ, અમદાવાદ.

વિષય: ગેસ મિકેનિકની ભરતી પ્રક્રિયા રદ્દ કરવા અંગે.
સંદર્ભ: આપનો તા.૧૨/૦૨/૨૦૨૬નો પત્ર.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભદર્શિત દરખાસ્ત અન્વયે જણાવવાનું કે, આપની સંસ્થા દ્વારા ગેસ મિકેનિકની ભરતી પ્રક્રિયા નીચે મુજબના મુદ્દાઓને ધ્યાને લેતા ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

અત્રેની કચેરી દ્વારા તા.૨૩/૦૯/૨૦૨૫ના પત્ર ક્રમાંક: કવટ/ISC/વર્ગ-૩/NOC/૨૦૫૬૧-૬૩થી આપવામાં આવેલ એન.ઓ.સીની શરત નં-૦૫ મા નીચે મુજબની જોગવાઈ થયેલ છે.

"સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામાં આવેલ જગા અન્વયે ભરતી સામાન્ય વહિવટ વિભાગ,નાણા વિભાગ અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જે તે સંવર્ગનાં નક્કી કરેલ પ્રવર્તમાન ભરતી નિયમો અને લાયકાતનાં ધોરણો મુજબ કરવાની રહેશે. "

(અ) સામાન્ય વહીવટ વિભાગના તા.તા. ૦૮/૧૧/૨૦૨૩ના ઠરાવથી તાંત્રિક તેમજ બિનતાંત્રિક [ખાસ વિષય/વિષયો (Subject Specific) શૈક્ષણિક લાયકાત તરીકે જરૂરી હોય તેવા], વર્ગ-૩ ના સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે જે સંવર્ગોના પરીક્ષા નિયમો નક્કી થયા ન હોય તેવા સંવર્ગોની પરીક્ષા પદ્ધતિ નક્કી થયેલ છે. સદર ઠરાવ અન્વયે શૈક્ષણિક લાયકાત: (૧) આઇ.ટી.આઇ. /ડીપ્લોમા/ ધોરણ ૧૦ કે ૧૨ પછીનો ટેકનીકલ સર્ટીફીકેટ કોર્સ
(૨) સ્નાતક

(બ) સામાન્ય વહીવટ વિભાગના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો ૧૯૬૭ ના નિયમ નં-૮.૧૦ મા વય અંગે નીચે મુજબની જોગવાઇ થયેલ છે

૧૦) આવશ્યક લાયકાત તરીકે સ્નાતકની પદવી કરતાં ઓછી લાયકાતની જરૂરિયાત હોય તેવી કોઈપણ સેવા અથવા જગા ઉપર ભરતીને લગતા તત્સમયે અમલમાં હોય તેવા કોઈપણ નિયમોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આવી સેવા અથવા જગા ઉપર ભરતીના હેતુ માટેની ઉપલી વયમર્યાદા & [૩૩] વર્ષની રહેશે. સિવાય કે આવા નિયમોમાં ઠરાવેલી ઉપલી વયમર્યાદા & [૩૩] વર્ષ કરતાં વધુ હોય.

કોલેજ દ્વારા તા.૧૩/૧૧/૨૦૨૫ના રોજ સંદેશ વર્તમાનપત્રમાં આપેલ જાહેરાતમાં નીચે મુજબની લાયકાત અને વય ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવેલ છે.

"લાયકાત– ITI મીકેનિક્સ ટ્રેડ અથવા ડિપ્લોમા મીકેનિક એન્જીનીયરીંગ
વય– ૨૦ થી ૩૫ વર્ષ વય મર્યાદા"

વધુમાં ITI મીકેનિક્સ ટ્રેડ નો અભ્યાસ કરેલ ઉમેદવારની લઘુત્તમ ઉંમર ૧૮ વર્ષની હોય છે વધુમાં સ્નાતકની પદવી કરતા ઓછી લાયકાત ધરાવાતા ૧૨ પાસ ઉમેદવારોની જાહેરાતમાં લઘુતમ ઉંમર ૧૮ વર્ષ નિયત કરેલ છે.

આમ, કે કે શાહ જરોદવાલા મણીનગર સાયન્સ કોલેજ, અમદાવાદ દ્વારા તા.૧૩/૧૧/૨૦૨૫ના રોજ સંદેશ વર્તમાનપત્રમાં ગેસ મિકેનિકની આપેલ જાહેરાતમાં ૧૮ થી ૨૦ સુધીની વય ધરાવાતા ઉમેદવારો પાસેથી અરજીઓ ન મંગાવી ઉમેદવારી માટે તક આપેલ ન હોય ભરતી પ્રક્રિયા ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી જેથી પુન: જાહેરાત આપી ભરતી પ્રક્રિયા કરવા જણાવવામાં આવે છે.

શરતો:

૧) પુન: જાહેરાતમાં અગાઉ અરજી કરનાર ઉમેદવરોને ફરીથી ઉમેદવારી નોંધાવવાની રહેશે નહી તેઓને માન્ય ગણવાના રહેશે પરંતુ જે ઉમેદવારોની અરજી અમાન્ય કરેલ હોય તેવા ઉમેદવરોએ ફરીથી અરજી કરવા ઇચ્છે તો અરજી કરી શકશે.

૨) અત્રેની કચેરીના તા.૨૩/૦૯/૨૦૨૫ના પત્ર ક્રમાંક: કવટ/ISC/વર્ગ–૩/NOC/૨૦૫૬૧–૬૩થી આપેલ એન.ઓ.સીની અન્ય શરતો યથાવત રહેશે...

**નોંધ પર મળેલ માન. કમિશ્નરશ્રીની મંજુરી અન્વયે...**

નાયબ નિયામક (કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર.